**પ્રવેશ અને શાળા છોડવા બાબતઃ (ખાસ સૂચનો)**

1. ધોરણ : 1 માં પ્રવેશ માટે તા. 31મી મેના રોજ પાંચ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ. **RTE** મુજબ ધોરણ : 1 માં પ્રવેશ મળશે
2. ધોરણ : 1 માં પ્રવેશ વખતે જન્મનો દાખલો આપવાનો રહેશે. જ્યાં સુધી દાખલો આપવામાં નહીં આવે ત્યાં સુધી પ્રવેશ પૂર્ણ ગણાશે નહીં.
3. જો વિદ્યાર્થી પરપ્રાંતમાંથી આવતા હોય તો માન્યતા પામેલી આગલી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીની પ્રતિ સહી (કાઉન્ટર સાઈન) સાથેનું મળ્યા બાદ જ પ્રવેશની વિધિ પૂર્ણ ગણાશે.
4. જ્યાં સુધી કોઈપણ વાલી રૂબરૂમાં લેખિત અરજી ન કરે, શાળાની લહેણી રકમ,પુસ્તકાલયની બધી જ ચોપડીઓ, હૉસ્ટેલની ફી ભરવામાં નહીં આવે ત્યાં સુધી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (એલ.સી.) આપવામાં આવશે નહીં.
5. જ્યાં સુધી શાળા છોડ્યાની લેખિત અરજી કરવામાં નહીં આવે ત્યાં સુધી ફી બાકી ગણવામાં આવશે.
6. એલ.સી.ની લેખિત અરજી કરતી વખતે ફીકાર્ડ સાથે રાખવું તથા અરજી આપ્યાના બે દિવસ પછી એલ.સી. આપવામાં આવશે.

**ફી બાબત :**

1. દર માસની 15 તારીખ સુધીમાં ફી ભરવાની રહેશે. ફી ભરવા ફી કાર્ડ અવશ્ય લઈને આવવું.
2. **લેઈટ ફી અંગે :**
   ફી ભરવાની સમય મર્યાદા પછી ફી ભરનાર વાલીએ લેઈટ ફી ભરવાની રહેશે. જે તે માસની લેઈટ ફી રૂા. 10/- જો તારીખ 15 સુધીમાં ભરવામાં ન આવે તો માસવાર લેઈટ ફી ક્રમશઃ નીચે મુજબ ભરવી પડશે.
   જૂન મહિનો = કુલ રૂા. 10/- ● જુલાઈ મહિનો = જૂન રૂા. 20/- + જુલાઈ રૂા. 10/- = કુલ રૂા. 30/-
   ઓગષ્ટ મહિનો = જૂન રૂા.30/- + જુલાઈ રૂા.20/- + ઓગષ્ટ રૂા.10/- = કુલ રૂા. 60/-
   સપ્ટેમ્બર મહિનો = જૂન રૂા.40/- +જુલાઈ રૂા.30/- +ઓગષ્ટ રૂા.20/- + સપ્ટે રૂા.10/- = કુલ રૂા. 100/-
3. બોનાફાઈડ સર્ટિફિકેટ, બીજીવારનું ફી-કાર્ડ કે અન્ય પ્રમાણપત્ર માટે રૂા.10-00 ફી ભરવાની રહેશે.
4. ત્રણ માસથી વધુ ફી બાકી હશે તો તે વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં તથા નામ કમી કરવામાં આવશે.
5. ઓક્ટોબર-નવેમ્બર તથા એપ્રિલ-મે માસની ફી સાથે ભરવાની રહેશે.
6. દિવાળી વૅકેશન બાદ શાળા શરૂ થયેથી એલ.સી. માટે અરજી કરનાર વાલીએ બીજા સત્રની ફી તથા જેતે માસની ફી તથા કૉમ્પ્યુટર ફી ભરવાની રહેશે.
7. ઉનાળા વેકેશન તથા દિવાળી વૅકેશનમાં ફી / એલ.સી. / પ્રવેશ વગેરે બાબત માટે શાળાનો સમય સવારે 8 થી 1૨ કલાકનો રહેશે.
8. પરીક્ષા ફી ભરવાનો સમય પરીક્ષા દરમિયાનનો રહેશે.
9. જૂન/સપ્ટેમ્બર/ડિસેમ્બર/માર્ચ માસમાં તે માસની તથા તેના પછીના બે માસની ફી એટલે કે ત્રણ માસની ફી એક સાથે ભરવાની રહેશે.
10. **વાલીએ જે. બી. પ્રાથમિક વિદ્યાલય તથા આર. એન. પ્રાયમરી સ્કૂલની ફી ગેટ નં. 3 અને એમ.બી. કન્યા પ્રાથમિક વિદ્યાલયની ફી ગેટ નં. 7 ઉપર ભરવી. વિદ્યાર્થીએ ફી શાળાના કાર્યાલયમાં ભરવી.**
11. સ્કોલરશીપના ફોર્મ 1 જુલાઈથી 15 જુલાઈ સુધી કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગત ભરી તારીખ 20 જુલાઈ સુધીમાં શાળામાં પરત કરવાના રહેશે. (**એસ.સી., એસ.ટી. જ્ઞાતિની સ્કોરલરશીપ માટે ●** શ્રી જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાના વિદ્યાર્થિનીઓ માટે કોર્પોરેશન બેંક, સેક્ટર-28 શાખા ● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે દેના બેંક, સૅક્ટર-16 શાખા)માં ખાતા ખોલાવીને પાસબુકનો ખાતા નંબર જે તે શાળાના કાર્યાલયમાં લખાવવાની જવાબદારી વાલીશ્રીની રહેશે.

**વિદ્યાર્થી / વાલી માટે**

- શાળાની હદમાં, શાળાના સમય દરમ્યાન સુવ્યવસ્થા અને શાંતિ જાળવવાની રહેશે.
- શાળાના મકાનમાં દોડવું, રમવું કે બૂમો પાડવાની મનાઈ છે.
- શાળાની કોઈપણ સંભવિત પ્રવૃત્તિ માટે આચાર્યશ્રીની પૂર્વ સંમતિ મેળવવાની રહેશે.
- પુસ્તક, કંપાસ, પૈસા, વૉટરબેગ, કિંમતી ઘરેણાં વગેરે ખોવાઈ જાય તેની જવાબદારી શાળાની નથી. વિદ્યાર્થીઓએ તેમની વસ્તુઓ સાચવતાં શીખવું જોઈએ.
- અનિયમિત હાજરી, ગૃહકાર્ય અને વર્ગકાર્યમાં આળસ કરનાર, શાળાના નિયમનો ભંગ કરનાર તેમજ શાળાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર વિદ્યાર્થીઓને બરતરફ કરવાની સત્તા આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીને ગંભીર શારીરિક ઈજા પહોંચાડશે તો તેવા વિદ્યાર્થીને શાળામાંથી બરતરફ કરવાની સત્તા આચાર્યશ્રીની રહેશે.
- બાળકના અભ્યાસની પ્રગતિમાં માટે ગત વર્ષ અને ચાલુ વર્ષના પરિણામની તુલના કરવી.
- પ્રથમ પરીક્ષાના પેપર શાળાએ નક્કી કરેલા દિવસે જ વાલી તથા વિદ્યાર્થીઓને બતાવવામાં આવે છે. તો તે દિવસે વાલીએ ફરજીયાત આવવું.
- **વાલી દરેક માસના બીજા તથા ચોથા શનિવારે તેમને જે સમય આપવામાં આવ્યો હોય તે જ સમયે તેઓ આચાર્યશ્રી, વર્ગશિક્ષક કે વિષય શિક્ષકને મળી શકે છે.**
- વિદ્યાર્થીને મૂકવા-લેવા આવો ત્યારે વાલીએ બિલ્ડીંગમાં પ્રવેશવું નહિ.
- બાળકને ગેટ સુધી મુકી જવો. વાલીએ કોઈપણ કામકાજ માટે પહેલા આચાર્યશ્રીની મંજૂરી મેળવવી પછી જ વર્ગખંડ કે સ્ટાફરૂમમાં જવું.
- વિદ્યાર્થીએ શાળામાં મોબાઈલ કે ગાઈડ લઈને આવવું નહિ, જો લાવશે તો જપ્ત કરી પરત આપવામાં આવશે નહિ.
- **શાળાના કોઈપણ કામકાજ માટે વાલીએ વાલી ઓળખપત્ર બતાવીને ગેટ નં. 5 ઉપરથી પ્રવેશ મેળવવાનો રહેશે.**
- જન્મદિનની ઉજવણી નિમિત્તે ચોકલેટ કે ભેટ વહેંચવાની સખ્ત મનાઈ છે, જો કોઈ વિદ્યાર્થી ઈચ્છે તો ગરીબ વિદ્યાર્થીને મદદ કે આર્થિક સહાયતા કરી શકે. શાળાના પુસ્તકાલયને પુસ્તક ભેટ આપી શકે છે.
- શાળામાં આપેલા વર્ગકાર્ય કે ગૃહકાર્ય કરેલ છે કે નહીં તે બદલની તેની નોટબુકની ચકાસણી કરવી.
- શાળા તરફથી પરીક્ષા પછી પરિણામ / પ્રગતિ પત્રક અપાતુ હોય છે માતા-પિતાએ તે જોઈ તેમાં સહી કરવી. બાળકના અભ્યાસને અવરોધક પરિબળો / કારણો ને જાણી તેના સારા અભ્યાસ માટે મદદરૂપ થવું તથા બાળકની મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્ન કરવો.
- બાળકના અભ્યાસમાં વધુને વધુ સારો સુધારો થાય તે માટે બાળક દરરોજ ગૃહકાર્ય તથા વાંચન કરે તે વાલીશ્રીએ જોવું.
- બાળકના અભ્યાસની પ્રગતિ, વર્તન, સ્વભાવ, ટેવ અંગે કોઈપણ મૂંઝવણ જણાય તથા આપના પાલ્યના રસ-રૂચિ, શોખ અંગે આચાર્ય શ્રી/શિક્ષકનો સંપર્ક કરવો.
- બાળકની સાથેની વાત-ચીતમાં શક્યતઃ શુદ્ધ ભાષા બોલો. તમારા બાળકને બોલવાની તક આપો. તેને ધીરજપૂર્વક સાંભળો.

**હાજરી અને રજા :**

- પોતાનો પાલ્ય સમયસર નિયમિત શાળાએ આવે અને ગેરહાજર ન રહે તેનું ધ્યાન રાખવું. અનિવાર્ય સંજોગોમાં ગેરહાજર રહે તો તેની લેશન ડાયરીમાં રજા ચિઠ્ઠીની નોંધ કરવી.

- **બાળક શાળામાં આવે તે પછી બાળકને રજા આપવામાં આવશે નહીં.** આકસ્મિક સંજોગોમાં વાલીએ રિશેષમાં આચાર્યશ્રીને રૂબરૂ મળીને રજા મેળવવાની રહેશે. (રીશેષ સિવાય કોઈપણ તાસમાં રજા મળશે નહીં. રીશેષનો સમય બપોરે 3-00 થી 3-30 છે.) આ સમયે વાલીએ આઈ-કાર્ડ ફરજીયાત લઈને જ આવવું.
- જો કોઈ વિદ્યાર્થી 1૫ દિવસ સુધી રજા વગર ગેરહાજર રહેશે તો તેનું નામ હાજરી પત્રકમાંથી કમી કરવામાં આવશે. અને જો બાળકને ફરી પ્રવેશ આપવામાં આવશે તો તેમની પાસેથી ફરીથી પ્રવેશ ફી લેવામાં આવશે.
- કોઈપણ વિદ્યાર્થી પૂર્વ મંજૂરી વગર પરીક્ષામાં ગેરહાજર રહી શકશે નહીં. બીમારીના કારણ માટે મેડીકલ સર્ટીફીકેટ લાવવાનું ફરજીયાત છે.
- 80% થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
- પરીક્ષાના પરિણામ જોવા તથા મેળવવા આવો ત્યારે વાલીશ્રીએ ફી કાર્ડ અવશ્ય લઈને આવવું.
- વિદ્યાર્થીએ દરરોજ સમયપત્રક મુજબ જરૂરી નોટ તથા પુસ્તકો લઈને જ આવવું.
- પરીક્ષામાં ગેરહાજર રહેનારની રી-ટેસ્ટ લેવામાં આવશે નહીં.

**શિસ્ત અંગેના સૂચનો :**

- **દરેક વિદ્યાર્થીએ શાળામાં દરરોજ લેશન ડાયરી ફરજિયાત લઈને આવવું.**
- દરરોજ શાળામાં સ્વચ્છ અને સુઘડ ગણવેશમાં જ આવવું. જે વિદ્યાર્થી સ્વચ્છ ગણવેશ પહેરીને નહીં આવે તેને વર્ગમાં પ્રવેશ મળશે નહીં.
- દરેક વિદ્યાર્થીએ દર અઠવાડિયે હાથ પગના નખ કાપવા, દરરોજ હાથરૂમાલ લઈને આવવું તથા માથામાં તેલ નાખી વાળ ઓળાવીને આવવું.
- જે દિવસે પોતાના પાલ્યે ગૃહકાર્ય ન કર્યું હોય તો તે બાબતની કારણ દર્શાવતી નોંધ વાલીએ લખી મોકલવી. બાળકના અભ્યાસ બાબતે સજાગ ને પ્રયત્નશીલ રહેવું.
- શાળામાં આપેલું ગૃહકાર્ય બાળક નિયમિત કરે તેની દરેક વાલીએ લેશન ડાયરીમાં ચકાસણી કરવી. ગૃહકાર્યની અનિયમિતતા બાબતની નોંધ લેશન ડાયરીમાં પાછળ આપેલી છે. સૂચન વાચ્યા બદલ સહી કરવી.
- ગૃહકાર્ય અંગે લેશન ડાયરીમાં પાંચ નોંધ થતાં વાલીએ રૂબરૂ આચાર્યશ્રી કે વર્ગશિક્ષકને મળવાનું રહેશે.
- શાળા બે પાળીમાં ચાલતી હોવાથી શાળા શરૂ થવાના સમયથી 10 મિનિટથી વહેલા બાળકોને મૂકી જવા નહીં તથા શાળા છૂટવાના સમયે બાળકને સમયસર અચૂક લઈ જવા.
- વાલીના સરનામામાં કે ફોન નંબરમાં કોઈપણ ફેરફાર થાય તો વર્ગ શિક્ષકને લેખિતમાં જાણ કરવી.
- ડાયરી, રજાચિઠ્ઠી તથા પ્રગતિ પત્રકમાં વાલીના સહીના નમૂના મુજબની સહી વિદ્યાર્થીએ કરાવવાની રહેશે.
- સાયકલ ગેટની નજીક બહાર બાજુએ પાર્કીંગ કરવી. સાયકલને બે લૉક મારવા. સાયકલ ખોવાશે તો શાળાની કોઈ જવાબદારી રહેશે નહિ.
- શાળાએ આવતા-જતા ધ્યાનથી રસ્તાની બંને બાજુએ જોઈને રોડ ક્રોસ કરવો.
- શાળામાં યોજાતા પ્રવાસ કે શિબિરમાં બાળક જોડાય અને વિવિધ સ્પર્ધા કે પ્રવૃત્તિમાં ભાગ લે તેવું પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવું.(પ્રવાસ કે શિબિર દરમ્યાન આકસ્મિક કે કુદરતી ઘટના બાબતે શાળાની જવાબદારી રહેશે નહીં)

ઉપરના નિયમો મેં વાંચ્યા છે અને તેનું પાલન કરવા હું સહમત છું.

વાલીની સહી .................